**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦, ૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦**

**તા.૯/૧૨/૨૦૧૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**શહેર પોલીસ ધ્વારા કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરીઃ- સમાચાર યાદી નં.૨૪૬૨/૧૫**

## અમદાવાદ શહેરમાં આશરે ૨૫ લાખ જેટલી બનાવટી ભારતીય ચલણની નોટો સપ્લાય કરનાર લખનૌ ના રહીશ ની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ

ડી.સી.પી. ક્રાઇમ બ્રાન્ચ શ્રી દિપન ભદ્રન સાહેબ તથા એ.સી.પી. એસ.ઓ.જી. શ્રી બી.સી.સોલંકી સાહેબ તથા પોલીસ ઇન્સ્પેકટર શ્રી બી.ડી.જાડેજા સાહેબ નાઓએ સુચના કરેલ કે, પરપ્રાંતના કેરીયરો ભારતીય ચલણની બનાવટી નોટો લાવી તેને સહેલાઇથી બજારમાં ફરતી કરતા હોવાના બનાવો અગાઉ પણ બનેલ છે તો આ બાબતે વોચમાં રહી ભારતના અર્થતંત્રને ગંભીર નુકશાન કરતી આવી દેશદ્રોહી પ્રવુતિ કરતા ઇસમોને શોધી કાઢી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા ની ટીમો બનાવી મળેલ બાતમી હકીકત આધારે ગઇ તા.૨૮/૧૧/૨૦૧૫ ના રોજ આરોપી નં.(૧) મોહમંદ ઐયુબ ઉર્ફે બબ્બુ s/o મોહમંદ સાકીરભાઇ શેખ તથા નં.(૨) મોહમદ ઇશરાર મોહમદ યાસીન દરજી (મુસ્લીમ) નાઓને રૂપિયા દસ લાખ સાડા ચાર હજારની બનાવટી ચલણી નોટો સાથે પકડી લઇ તેઓ વિરુધ્ધમાં ધોરણસરની કાર્યવાહી કરી નામદાર કોર્ટમાં રજુ કરી બંન્ને આરોપીઓના દિન-૧૦ ના પોલીસ કસ્ટડી રીમાન્ડ ઉપર મેળવેલ હતા. જેઓ બંન્ને આરોપીઓની પુછપરછ માં તેઓએ ઘટસ્ફોટ કરેલ કે, તેઓ પાસેથી મળી આવેલ રૂપિયા દસ લાખની બનાવટી નોટો તેઓને ઉત્તરપ્રદેશ રાજ્યના ઉન્નાવ જીલ્લાના અજગેન ખાતે રહેતા મોહમદ રહીશ સુલેમાન નાએ આપેલ હોવાનું જણાવેલ. જેથી અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચના ડી.સી.પી. શ્રી દિપન ભદ્રન તથા એ.સી.પી. શ્રી બી.સી.સોલંકી તેમજ પો.ઇ. શ્રી બી.ડી.જાડેજા નાઓએ સદરહું આરોપીને ઉત્તરપ્રદેશ અજગેન ખાતેથી દબોચી લેવા જરૂરી સુચના અને માર્ગદર્શન પુરૂ પાડી પોસઇ શ્રી સી.બી.ગામીત તથા પોસઇ શ્રી વી.એચ.જાડેજા તથા સ્ટાફના માણાસોની ટીમ બનાવી ઉત્તરપ્રદેશ અજગેન ખાતે તાત્કાલીક તપાસમાં મોકલી આપેલ અને ઉપરોકત એસ.ઓ.જી.ની ટીમ અજગેન તપાસમાં જઇ ખાનગી રાહે બાતમી હકીકત મેળવી આરોપી મોહમદ રહીશ મોહમદ સુલેમાન સૈયદ ને લખનૌ ના અજગેન થી પકડી લઇ અત્રે અમદાવાદ ખાતે આવી તપાસ કરનાર અધિકારી શ્રી બી.ડી.જાડેજા નાઓને કબજો સોંપેલ હતો. અને તપાસ કરનાર અધિકારી શ્રીએ સદરહું આરોપીને તા.૦૮/૧૨/૨૦૧૫ ના કલાક ૨૦/૧૫ વાગે પકડી અટક કરેલ છે અને આ આરોપીની પુછપરછ માં તેણે દિવાળી અગાઉ એકવાર રૂપિયા ૩ લાખની બનાવટી બનાવટી નોટો તથા બીજીવાર રૂપિયા ૧૫ લાખની બનાવટી ચલણી નોટો મોહમદ ઐયુબ ઉર્ફે બબ્બુ મુલ્લા નાને આપેલાનું જણાવે છે. અને પકડાયેલ આરોપીએ અત્યાર સુધી માં કેટલી બનાવટી ચલણી નોટો અમદાવાદ શહેર તેમજ અન્ય શહેરોમાં કેટલી બનાવટી નોટો ફરતી કરેલ છે તે બાબતે તેમજ આ બનાવટી નોટો ક્યાંથી અને કોની પાસેથી મેળવી લઇ આવતો હતો તે બાબતે તેમજ મુખ્ય સુત્રધાર તેમજ અન્ય સંડોવાયેલ સાગરીતો બાબતે સઘન તપાસ હાથ ધરવામાં આવેલ છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>ખુનના ગુન્હામાં વચગાળા જામીન પર નાં ફરાર કેદીને તેમજ ખોખરા પો.સ્ટે ના ચીટીંગના ગુન્હાના તથા ચોરીના ગુન્હામાં નાસતા ફરતાં બે ( ૨ ) આરોપીઓને પકડી પાડતી અમદાવાદ શહેર, ક્રાઈમ બ્રાન્ચ</u>**

અમદાવાદ શહેર ક્રાઈમ બ્રાન્ચના નાયબ પોલીસ કમિશ્નર શ્રી દિપન ભદ્રન સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી કે.એન.પટેલ નાઓએ, મિલકત સબંધી ગુનાઓ ના કામનાં નાશતાં ફરતાં આરોપી શોધી કાઢવા સુચના કરેલ હોય જે આધારે પોલીસ ઈન્સ્પેક્ટર શ્રી એસ.આર.ટંડેલ નાઓની સુચના અને માર્ગદર્શન મુજબ પો.સ.ઈન્સ. શ્રી એ.પી.ચૌધરી તથા પો.સ.ઇન્સ. શ્રી જે.એન.ચાવડા નાઓ ટીમ સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા.

દરમિયાન અ.હે.કો હિતેન્દ્રસિંહ નાઓને મળેલ બાતમી હકીકત આધારે સેટેલાઇટ, રામદેવનગર ટેકરો, સુપર સોસાયટી સામે, ડીલક્ષ પાન પાર્લર પાસે થી ખોખરા પો.સ્ટે ફ.ગુ.ર.નં.૧૧૮/૨૦૧૪ ઇ.પી.કો કલમ ૪૦૩, ૪૦૬, ૪૨૦ વિગેરે મુજબના ગુન્હામાં નાસતા ફરતાં આરોપી નામે ઉદય યોગેન્દ્રભાઇ બક્ષી રહે.બી-૩૦૧ સુકીર્તી એકલ્વ કર્ણાવતી રોડ, રામદેવનગર રોડ અમદાવાદ હાલ.એ-૨૦૪ બોધી એપાર્ટમેન્ટ, વ્રજધામ હવેલીની સામે, જોધપુર, સેટેલાઇટ, અમદાવાદ નાઓને તા.૦૮/૧૨/૨૦૧૫ પકડી અટક કરવામાં આવેલ છે.

તેમજ પો.કોન્સ. ભવાનીસિંહ પ્રતાપસિંહ તથા અ.હે.કો હિતેન્દ્રસિંહ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે સારંગપુર બ્રીજ કામદાર મેદાન રોડ પર થી ખોખરા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી. નં. ૫૪/૨૦૧૫ ઇપીકો કલમ ૩૫૬, ૩૭૯, ૧૧૪ મુજબ ગુન્હામાં નાસતા ફરતાં આરોપી કુમારપાલ ષેશમલ જૈન ઉ.વ.૪૫, રહે. ડી/૧૦૨, કેદાર ટાવર, રાજસ્થાન હોસ્પિટલ સામે, શાહીબાગ, અમાદાવાદ નાઓને તા.૦૮/૧૨/૨૦૧૫ પકડી અટક કરવામાં આવેલ છે.

તેમજ પો.કોન્સ. દિલીપસિંહ વિજયસિંહ તથા પો.કોન્સ. કેતન દલજીભાઇ નાઓને મળેલ સંયુકત બાતમી હકીકત આધારે શહેરકોટડા પોલીસ સ્ટેશન ફસ્ટ ગુ.ર.નં.૧૨૩/૨૦૧૪ ઇપીકો કલમ ૩૦૨, વિગેરે મુજબના ગુનાના કામના અમદાવાદ મધ્યસ્થ જેલના કાચા કામના આરોપી નં.૫૬૩૭/૧૪ હસમુખભાઇ રમેશભાઇ રાવલ ઉ.વ.૨૭ રહે. બ્રાહ્મણની ચાલી, કલ્યાણમીલ પાછળ, નરોડા રોડ, શહેરકોટડા, અમદાવાદ શહેર નોઓને અમદાવાદ મધ્યસ્થ જેલ માંથી તા.૭/૧૧/૨૦૧૫ થી તા.૧૮/૧૧/૨૦૧૫ સુધીના વચગાળા જામીન પર છોડવામાં આવેલ હતો. જેને તા.૧૮/૧૧/૨૦૧૫ ના રોજ વચગાળા જામીન રજા પર થી જેલ ખાતે હાજર થવાનુ હતુ. પરંતુ પોતે હાજર થયેલ નહી અને વચગાળા જામીન રજા ઉપર થી ફરાર થઇ ભાગતો ફરતો હતો જેને તા.૦૮/૧૨/૨૦૧૫ પકડી અટક કરવામાં આવેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)